# અધિસુચન

**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬**
**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો – ૧૯૭૯, નિયમ – ૨૬ (૯)**

## નગર રચના યોજના સુરત નં.૩૧ (અડાજણ)

## <u>આખરી યોજના</u>

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯ ના નિયમ ૨૬ના પેટા નિયમ ૯ અનુસાર અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ પર ની પેટાકલમ(૩) માં જોગવાઈ કર્યા મુજબ નગર રચના અધિકારી તરીકેના મારા ઉકત આખરી યોજના અંગેના નિર્ણયો આજ તા. ૨૯ માર્ચ સને ૨૦૦૮ શનિવારના રોજ જાહેર કર્યા છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ માં થયેલ સુધારા અધિનિયમ સને ૧૯૯૯નો ગુજરાત અધિનિયમ ક્રમાંક–૨ની કલમ ૫૪ મુજબ તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯ના નિયમ ૨૬ નો પેટા નિયમ ૯ ની જોગવાઈઓ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલા મારા નિર્ણયોના ઉતારા ફોર્મ – "૩" મુજબ, યોજનામાં આવતી દરેક મિલ્કતના માલિકોને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

ઉપરોકત નિર્ણયથી અસંતોષ થયો હોય તેવી હિતસંબંધ ધરાવતી વ્યકિતઓને/ માલિકોને મારા નિર્ણયોના ઉતારાની નકલ મળેથી એક માસની અંદર જે નિર્ણયો અપીલને પાત્ર છે તે માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬માં થયેલ સુધારા અધિનિયમ સને ૧૯૯૯નો ગુજરાત અધિનિયમ ક્રમાંક–૨ની કલમ ૫૫ અનુસાર નિયુકત થતા બોર્ડ ઓફ અપીલની સમક્ષ, અપીલ અર્થે જીલ્લા ન્યાયાધીશશ્રી, જીલ્લા કોર્ટ, સુરતને જરુરી કોર્ટ ફીનો સ્ટેમ્પ લગાવી ત્રણ નકલમાં લેખિત અરજી મોકલી આપવાની રહેશે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૫૩ માં જણાવ્યા મુજબ નગર રચના અધિકારીના કેટલાક નિર્ણયો છેવટના છે, જયારે કલમ ૫૪માં જણાવ્યા મુજબ નગર રચના અધિકારીના કેટલાક નિર્ણયો કાયદા હેઠળ રચાતી બોર્ડ ઓફ અપીલ સમક્ષ અપીલને પાત્ર છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોકત આખરી યોજનાની સંપૂર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન જોવા માટે ખુલ્લા રાખવામાં આવેલ છે, તેમજ તે સમજાવવાની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

તા.૨૯/૦૩/૨૦૦૮
<u>સ્થળ:–</u>
નગર રચના અધિકારીની કચેરી,
મ્યુનિસિપલ બિલ્ડીંગ, પહેલા માળે,
નાનપુરા મેઈન રોડ,
સુરત.૩૯૫૦૦૩

(સહી)

(બી.એમ. પટેલ)
નગર રચના અધિકારી
નગર રચના યોજના નં.૩૧ (અડાજણ)
સુરત

[મહોર: નગર રચના અધિકારી, નગર રચના ... સુરત]

...પર પ્રસિધ્ધ થયેલ છે.